અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. B–17, નવરંગપુરા, અમદાવાદ.

**<u>ફોજદારી કેસ નં. ૧૩૩૨૦/૨૦૨૪</u>**

આંક.. ૬

**<u>ફરીયાદીઃ–</u>** શ્રી સરકાર

વિરૂધ્ધ

**<u>આરોપીઃ–</u>** સુનિલભાઇ બચુભાઇ પટણી

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

**ગુનોઃ–** **ઈ. પી. કો. કલમ – 283 મુજબ**

## –: ચુ કા દો :–

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ પોતાના કબજાનું વાહન / લારી જાહેર રોડ ઉપર આવતા જતા વાહનો અડચણરૂપ રીતે ઉભી રાખી ભયજનક રીતે પાર્ક કરી ઈ. પી. કો. કલમ – 283 મુજબનો ગુનો કરેલાનો આક્ષેપ છે અને તે મુજબ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઈલ કરેલ.
2. આરોપીને પ્રોસેસ કરતા હાજર થઈ પોતે ગુનો કબુલવા માંગે છે તેવી સ્વેચ્છાએ જાહેરાત કરતા આરોપીની ગુના કબુલાત પ્લી લીધેલ છે, જેમાં આરોપીએ તેમની વિરૂધ્ધનો ગુનો કબુલ કરેલ છે.
3. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક તેમજ સામાજિક સ્થિતિ તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં સદરહુ આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને તેને યોગ્ય દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>–: આ ખ રી હુ ક મ :–</u>

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – 252 અન્વયે **ઈ. પી. કો. કલમ – 283** મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ.100/– (અંકે રૂપિયા એક સો પુરા)**નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 2 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૨મી માહે જુન સને ૨૦૨૪ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળવાવી જાહેર કર્યો.

તા. 22/06/2024
અમદાવાદ

**(એમ.એસ.સુતરીયા)**
ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ,
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા
UIC CODE NO. GJ00846